ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૫૬ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૬, સોમવાર ; શ્રાવણ સુદ - ૧૨ પાનાં - ૧૦ કિંમત રૂ. ૧.૮૦

# બાપાના અંતિમદર્શને ભાવસાગર છલકાયો

## સારંગપુર ખાતે પૂજ્ય પ્રમુખ સ્વામીના અંતિમ દર્શને રાજ્યના મુખ્યમંત્રી, વિરોધ પક્ષના નેતા સહિત રાજ્યના મહાનુભાવો મોટી સંખ્યામાં પહોંચ્યા : રાજ્યભરમાંથી હરિભક્તો હરિગુરૂના દર્શને ઉમટ્યા : ૧૭મી સુધી અંતિમ દર્શન





### આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અંતિમ દર્શને સારંગપુર પહોંચશે

બાપ્સના વડા પ્રમુખ સ્વામી બ્રહ્મલીન થયા બાદ તેમના દર્શન માટે તમામ લોકો પહોંચી રહ્યા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આવતીકાલે તેમના દર્શન માટે પહોંચનાર છે. વડાપ્રધાનના કાર્યક્રમ મુજબ તેઓ દિલ્હીથી સીધા ભાવનગર જશે. ભાવનગરથી સાળંગપુર હેલિકોપ્ટર મારફતે પહોંચે તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીએ પ્રમુખ સ્વામીને તેમના પ્રેરણા સમાન ગણાવીને તેમને યાદ કર્યા છે અને સાથે સાથે તેમના બ્રહ્મલીન થવા અંગે શોકની લાગણી વ્યક્ત કરી છે. યોગગુરુ બાબા રામદેવ, મોરારી બાપુ સહિતના અન્ય લોકોએ પણ તેમને શ્રદ્ધાંજલિ આપી છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ ૧૬મી ઓગસ્ટના દિવસે પહોંચે તેવી શક્યતા છે. મોદીના કાર્યક્રમને લઈને સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે.

અમદાવાદ,તા. ૧૪

પૂજ્ય પ્રમુખ સ્વામીના અક્ષર નિવાસ બાદ તેમના અંતિમ દર્શન માટે માત્ર ગુજરાતમાંથી જ નહીં બલ્કે દેશના અન્ય ભાગોમાંથી પણ ભક્તોનો અવિરત પ્રવાહ જારી રહ્યો છે. આજે બીજા દિવસે તેમના અંતિમ દર્શન માટે હરિભક્તો સારંગપુર ઉમટી પડ્યા હતા. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સવારમાં બાપાના અંતિમ દર્શન કરીને આરતી ઉતારી હતી. બાપાના અંતિમ દર્શન માટે અન્ય તમામ લોકો પહોંચી રહ્યા છે. તેમના બ્રહ્મલીન થયા બાદથી હરિભક્તોમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે. સંત શબ્દના પર્યાય બની ચુકેલા બોચાસણ વાસી અક્ષરપુરષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના વડા પ્રમુખ સ્વામી મહારાજ શનિવારે સાંજે સારંગપુર ખાતે બ્રહ્મલીન થયા હતા. પ્રમુખ સ્વામીએ છ વાગે અંતિમ શ્વાસ લીધા હતા. આની સાથે જ કદી ન પુરાય તેવી ખોટ આધ્યાત્મિક વિષયોને થઈ હતી. પ્રમુખ સ્વામી મહારાજના અંતિમ દર્શન સારંગપુર મંદિર ખાતે ૧૪થી ૧૭ ઓગસ્ટ દરમિયાન કરવામાં આવશે. ૧૭મી ઓગસ્ટના દિવસે બપોરના ગાળામાં સારંગપુર ખાતે જ અંતિમ વિધિ કરવામાં આવશે. ત્રણ લાખથી વધુ હરિભક્તો ઉમટી પડે તેમ માનવામાં આવે છે. પ્રમુખ સ્વામી મહારાજ બ્રહ્મલીન થયા છે તેવા સમાચાર ફેલાતાના સાથે જ લાખો હરિભક્તોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા ઘણા સમયથી તેવો સારંગપુરમાં જ રહેતા હતા. ભગવાન સ્વામિનારાયણના પાંચમાં આધ્યાત્મિક વારસદાર તરીકે પ્રમુખ સ્વામી મહારાજ હતા. ૯૫ વર્ષની વયે પહોંચેલા પ્રમુખ સ્વામી મહારાજ હજુ પણ સક્રિય હતા. પરંતુ તેમની છાતી ઈન્ફેકશન થયું હતું.

● અનુસંધાન પાન-૭ પર




ગાંધીનગર સમાચાર

**અંક બંધ**

આજે સ્વાતંત્ર્ય પર્વ ૧૫ ઓગસ્ટ-૨૦૧૬ને સોમવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે જેથી તા. ૧૬ ઓગસ્ટ, મંગળવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક

**વિશ્વના ખૂણે-ખૂણે પોંખાયા પ્રમુખસ્વામી**

વાંચો - પાન-૫ પર







**સ્વર**
મેટરનિટી એન્ડ નર્સિંગ હોમ
સ્વર મેટરનિટી એન્ડ નર્સિંગ હોમ
ડૉ. અમીબહેન શાહ
M.D. (Gynaec.)
Diploma in adv. Endoscopy (CICE FRANCE)
પ્લોટ નં. ૩૮૫, સેક્ટર-૮/બી, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૨૩૮૨૨, ૨૩૨ ૨૯૧૯૭
● મો. ૯૮૨૫૦ ૨૦૩૧૬

સતત સાતત્યભરી અદ્યતન આરોગ્ય સેવા - સૂશ્રુષાથી ગાંધીનગરની તેમજ આસપાસના ગામના લોકોની અનેરી લોકચાહના મેળવવી એ પરમકૃપાળુ પરમાત્માનો કૃપા-પ્રસાદ જ ગણાય... સગર્ભા માતા - ગર્ભસ્થ શિશુની નિષ્ઠાભરી સારવાર - જતન માટે વિશ્વસનીય સ્થળ એટલે...

ડો. અમીબહેન શાહને...
૨૩માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે
અભિનંદન... શુભકામનાઓ...

૨૩ વર્ષની સફળ - સ્નેહયાત્રા સંપન્ન કરી ૨૪માં મંગલ વર્ષમાં પ્રવેશે છે તે નિમિત્તે મિત્રો-સ્નેહીજનો તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ...

**મોકાનો પ્લોટ વેચવાનો છે**
સરગાસણ ચોકડી પાસે
અશ્વમેઘ ભાગ-૨
પ્લૉટ નં. ૧૬ (૩૧૩ વાર) વેચાણથી આપવાનો છે
સંપર્ક
અતુલભાઈ - ૯૪૨૮૫ ૫૧૨૫૪
રવિભાઈ - ૯૩૭૭૨ ૯૮૧૯૮

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | કાશ્મીર પહેલગામ-ગુલમર્ગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી | સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ